ઈ.સ. ૧૯૫૬માં સુરેશ જોશીએ પુરસ્કારેલી આધુનિક વાર્તાકલા ઘટનાહ્રાસની પ્રયુક્તિ અને તેના સફળ પ્રયોગ બાદ સુરેશ જોશીના સમકાલીન તથા અનુગામી સર્જકોએ પોતપોતાની રીતે વાર્તાસર્જના સફળ પ્રયોગો કર્યા. સર્જન અને વિવેચનની કેટલીક નૂતન વિભાવનાઓનો પુરસ્કાર ગુજરાતી સાહિત્યને આધુનિકતાની ઓળખ આપનાર બની રહ્યો.

ઈ.સ. ૧૯૫૯માં વાર્તાસંગ્રહ 'પ્રેમ ઘટા ઝૂક આઈ' સાથે સાહિત્યજગતમાં પ્રવેશ કરનાર સરોજ પાઠકનું નામ આધુનિક ગુજરાતી સાહિત્યમાં નોંધપાત્ર છે. સાત નવલકથા, સાત વાર્તા સંગ્રહ, બે નિબંધ સંગ્રહ એક એકોક્તિ સંચય તથા એક નાટ્યવિવેચનગ્રંથ આપનાર સરોજ પાઠકની સર્જનયાત્રા આધુનિક ગુજરાતી સાહિત્યમાં મહત્વની ઘટના ગણી શકાય.

નવલિકા અને નવલકથાક્ષેત્રે પ્રયોગની કૃતકતા કે પરંપરાની રૂઢતાનો ભોગ બન્યા સિવાય પોતાની આગવી અને વિશિષ્ટ શૈલીથી સરોજ પાઠકે આધુનિક ગુજરાતી સાહિત્યને વૈયક્તિક સંવેદનાની તીવ્રતા અને અસરકારકતા વાળી આસ્વાદ્ય કૃતિઓ આપી મહત્ત્વનું પ્રદાન કર્યું છે.

પોતાની વિશિષ્ટ કલાસૂઝ અને આગવી પ્રતિભા વડે સરોજ પાઠક માત્ર નારીસંવેદનાની જ નહીં પણ માનવમાત્રના સંવેદનોને અભિવ્યક્ત કરતી સૃષ્ટિ પોતાની નવલકથામાં નિર્મી શક્યાં છે. વિષયવૈવિધ્ય તેમજ કથાબીજની અજોડ માવજત અને પ્રતીતિકર વાતાવરણ સાથે આવતી સરોજ પાઠકની વાર્તાઓ તેમને સફળ વાર્તાકાર તરીકે સ્થાપે છે. બીજી બાજુ સંવેદન સ્તરે સર્વદા સમર્થ અને શૈલીની દષ્ટિએ પણ એવી જ વિશિષ્ટ નવલકથા 'નાઈટમેર' (૧૯૬૯)

સરોજ પાઠકને નવલકથાકારની ઓળખ આપે છે.

•

૧-૬–૧૯૨૯ ને દિવસે જન્મેલાં સરોજ પાઠકનાં સર્જનોમાં તેમનાં બાલ્યકાળથી લઈ કિશોરાવસ્થા, યુવાની અને દામ્પત્યજીવનની ઊંડી અસર જોઈ શકાય છે. ભાટિયા કોમનાં નિમ્ન મધ્યમ વર્ગ, ગરીબાઈમાં રહેંસાતા રૂઢિચુસ્ત કુટુંબમાં જન્મેલી સરોજ ઉદ્દેશીના જીવન પર પોતાનાં કુટુંબની ગરીબાઈજન્ય સમસ્યાઓ ઉપરાંત પોતે જે વાતાવરણમાં ઉછરી તેની સામાજિક આર્થિક, નૈતિક અને કૌટુંબિક જીવનની સુગાળવી સમસ્યાઓએ પણ ઘેરી અસર કરી. આવી ગરીબાઈમાં પણ શકય તેટલા ભણતરે સરોજ ઉદ્દેશીને કલાકાર/સર્જક બનાવવામાં એની ત્રાસદાયક જીવનપીડા જેટલો જ મહત્ત્વનો ભાગ ભજવ્યો. સરોજ ઉદ્દેશી મેટ્રિક સુધીના અભ્યાસ દરમ્યાન શિક્ષક મગન નાયકના ઘેર અવાર-નવાર માર્ગદર્શન માટે જતી ત્યાં પોતાના ગુરુને ત્યાં રહેતાં, લગ્ન ન કરવા, સાધુ થવાની દેશ-ભક્ત થવાની જાત જાતની ધૂનો જેના પર સવાર હતી તેવા રમણ પાઠક સાથે તે પરિચયમાં આવી. પોતે દેખાવે સાવ સામાન્ય ને અનાકર્ષક છતાં સૌનું ધ્યાન ખેંચે તેવી તેના ચહેરા પર સતત છવાયેલી રહેલી ઉદાસીએ રમણ પાઠકનું ધ્યાન ખેંચ્યું. સરોજ ઉદ્દેશી પોતાની અટક સહેજ બદલીને મજાકમાં 'ઉદાસી' કહેતી અને પોતાનાં લખાણો 'વેદના' તખલ્લુસ હેઠળ લખતી.

૧૯૪૭માં જ્યારે પહેલી સત્ર પરીક્ષામાં પ્રથમ આવી ત્યારે તેના ગુરુ મનસુખલાલ ઝવેરીએ તેની પ્રચ્છન્ન શક્તિઓ પારખી તેને વ્યક્ત થવાનો અવકાશ આપ્યો. લઘુતાગ્રંથીથી રૂંધાતી પ્રતિભાની અંતે બધાએ નોંધ લીધી.

સરોજ ઉદ્દેશીના ગરીબાઈથી ત્રસ્ત જીવનની તેના અતિ સંવેદનશીલ માનસ પર પડેલી છાપો તેમની અંગત ડાયરીમાં કાવ્યાત્મક નોંધરૂપે આવતી ગઈ. ડાયરીમાં પોતાનો પરિવાર, પોતે રહેતી તે માળનો સાવ નિરાશા જન્માવનાર પરિવેશ, તેમાં જીવનના અન્ય કુટુંબોની તાણ જન્માવે તેવી પરિસ્થિતિ, પોતાને આવતા વિચારો, જીવનની ઘટનાઓ, ઝંખના, આ બધાથી ઘડાયેલી

તેની મનોદશા અને એના પરિણામરૂપ જીવનની વિશૃંખલતાઓ અને જાત સાથેની અંગત વાતો – બધું જ વિગતે નોંધાતું. ગરીબાઈથી ત્રસ્ત અને સમસ્યાઓથી ભારેખમ બનેલું જીવન પોતાના મૃત્યુ બાદ ભાટિયા જ્ઞાતિના વિધવા ફંડનું ઓશિયાળું બન્યું. અંગત જીવન અને પરિવારની વાસ્તવિકતા સાથે આજુબાજુના અન્ય પરિવારો અને પાત્રોની પીડા પણ સરોજ ઉદેશી અંગત ડાયરીમાં નોંધતીઃ 'પિયર ઘરનું છાપરું' મુંબઈમાં છ માળનો કચ્છી ભાટિયા સમાજનો પ્રાર્થના સમાજ પર આવેલો માળો. કુટુંબ અને અન્ય પરિવારનીય સમસ્યાઓ માળાંમા વસતાં અસંખ્ય કુટુંબો, ભાંડરડાં, ગરીબોનાં બેલી ભાટિયા જ્ઞાતિના શેઠિયાઓની દયા પર જીવવાનું - મધ્યમવર્ગની છેક છેલ્લી રેખાનું જીવનધોરણે આ બધાં જ સંસ્મરણો ખૂબ જ દુઃખદ હતાં. આ પીડામાંથી છૂટકારો મેળવવા લખાતી ડાયરીની ટેવ ધીરે-ધીરે વાર્તા સર્જનમાં પરિણમી.

સરોજ પાઠક પોતે જ પોતાની વાર્તાસર્જન પ્રક્રિયા સંદર્ભે કહે છે કે દુઃખદ ત્રસ્ત સ્મરણો હોવાથી દબાવી દીધેલ ગૂમડાં જેવાં હતાં – જ્યારે ત્યારે અંગે તાપોડિયાની જેમ ફૂટી નીકળે. એમાંથી મુક્તિ મેળવવા જ કેટલી બધી કલ્પના વાર્તારૂપે આવ્યા કરી.[૧]

ગરીબ ઘરની દીકરીઓને પિયરની ઠાઠવેઠ, લાડકોડ અનેક કારણે સાસરે જવાના વસમા અનુભવનું દરદ ભોગવવા નસીબમાં હોતું નથી. આવા કુટુંબની દીકરીઓ નર્ક સમી ગરીબાઈમાં ત્રાહિમામ પોકારતી અને ઘરનાં વૈતરાં કામકાજ કરી ઘરનો ભાર ઉપાડવા જ જીવતી હોય ત્યાં તેમને માટે લગ્ન પોતે જે જીવન જીવે છે તેનાથી કેટલેક અંશે થોડું સમૃદ્ધ અને સુખી જીવનની શક્યતા ઉઘાડનારી ઘટના બને છે. આ સંદર્ભે સરોજ ઉદેશી નોંધે છે : "પિયર વહાલું રે, સાસરિયે નથી જાવું' જેવી હિંદુ સંસારની પદાવલિઓ અમારે માટે નહોતી.'[૨] આ તમામ ઘૃણાસ્પદ અને યાતનાદાયક અવસ્થામાં રિબાઈને કંટાળેલી એણે જીવનની દુઃખદાયક એકવિધત્તાથી મુક્ત થવા એક લેખક-પત્રકાર સાથે પરિચય કેળવ્યો. પોતાના જીવનની દુઃસહ પરિસ્થિતિમાંથી જીવ અને મનને અન્યત્રવાળવાનો આ પ્રયત્ન તેના જીવનનો મહત્વનો નિર્ણય જ નહીં પણ જીવનના આમૂલ પરિવર્તનનું નિમિત્ત બન્યો. ૧૯૫૦માં એકવીસ વર્ષની ઉંમરે

રૂઢિચુસ્ત ભાટિયા કોમ અને એથીય જડ એના તમામ નિયમોને ઉલ્લંઘી સરોજ ઉદેશીએ રમણ પાઠક સાથે દિલ્હીની અદાલતમાં રજીસ્ટર્ડ લગ્ન કર્યાં. રૂઢિચુસ્ત સમાજમાં આ લગ્નને કારણે થનાર કુટુંબની બદબોઈ, અવજ્ઞા કે કુટુંબ તરફથી થનારી પોતાના તિરસ્કારની કલ્પના પણ આ ત્રસ્ત છોકરીને પાછી વાળી શક્યાં નથી. આ બેઉ બાબત કરતાં પણ વધારે મૂંઝવી મૂકે તેવી આર્થિક અને સામાજિક અસલામતીમાં પણ ગમે ત્યારે ધરાશાયી થઈ જાય તેવાં ડગુમગુ દામ્પત્યજીવનની કલ્પના પણ સદાય જાત-પસંદગી કરવા ટેવાયેલી સરોજ ઉદેશીને ન અટકાવી શકી. પોતાના સમગ્ર જીવનને પ્રભાવિત કરનારો અને જીવનને તદ્દન નવો આકાર આપનારો આ મહત્ત્વનો નિર્ણય સદા કડપમાં જ રહેનારી છતાં કડપની એ લોખંડી જાળને તોડી ભાગી જવાના સપનાં ગૂંથતી છોકરીએ પળવારમાં લઈ લીધો. પોતાની અંગત ડાયરીમાં તે નોંધે છે : "... એવા કુટુંબના આદર્શની ધાકથી ન કોઈએ મને કુદૃષ્ટિથી લલચાવી કે ન કોઈએ છેડતી કરી. બાકી એ જ સમયમાં મેં જાત સાથે વાતો કરવાની ડાયરી રાખી હતી. તેમાં મેં સતત નોંધ્યું કે ઘર છોડી ભાગી જવાના મને ધખારા થતા હતા, હું વંઠુ વંઠુ થવાની અણી પર હતી પણ કોઈએ મને વંઠાડી નહીં. કારણ? બાપુનો કડપ, ધાર્મિક, સંસ્કારોની કશમકશ, ભણતર - હોશિયારીના ધજાગરા ને દાદીમાની ધાર્મિકતામાં ડોશીવૃંદે મને કૉર્ડન કરી રાખી.[૩] અને 'અંતે આવા ધખારા કરતો જીવ બધી જ સાંકળો તોડી કોઈપણ જાતના અપરાધભાવ કે શેહશરમ વગર મુક્તપણે પોતાનું જીવન જીવવા ભાગી છૂટ્યો. તે સંદર્ભે સરોજ પાઠક નોંધે છે કે પિયરઘરમાંથી ભાગુ ભાગુ થતો જીવ આખરે રમણ પાઠક સાથે ભાગીને પરણી ગયો અને ધાર્યોય ન્હોતો એવો નવો અવતાર એક જ ભવમાં મેળવી લીધો."[૪]

આમ ગરીબાઈનું નર્ક, રૂઢિચુસ્ત નિયમો, સતત રહેતી તાણ, એમાં પણ અદમ્ય ઇચ્છાના આવેગો, ઘણું વિચિત્ર છતાં નર્યું નાજુક સંવેદનતંત્ર અને નરી વેદના વડે સરોજ પાઠકનું સર્જનવિશ્વ ઘડાય છે.

નિમ્ન મધ્યમ વર્ગની હાડમારી, તેની ત્રસ્તતા, રમણ પાઠક સાથેનું પ્રેમલગ્ન જીવન અને

એની સમસ્યાઓ, દીકરીનો જન્મ અને એના જન્મ સાથે જ ઊભી થયેલી બીજી વધારાની ઉપાધિઓ – આ બધાએ એમના જીવનની સાથે સાથે સર્જનને ય નવાં પરિમાણો બક્ષ્યાં.

૧૯૫૦માં ઘર છોડી ભાગી જઈ દિલ્હીમાં ઑલ ઇન્ડિયા રેડિયોમાં નોકરી કરતા રમણ પાઠક સાથે દામ્પત્યજીવન શરુ તો કર્યું પણ આ જીવન સાવ વિશૃંખલ અને અંધેરભર્યું હતું. જો કે ગરીબીને કારણે આ લગ્ન બાદ સમાજ અને કુટુંબ તરફથી થનારા તિરસ્કાર અને આપદામાંથી તો તે ઉગરી પરંતુ લગ્નજીવન પણ સરોજ અને રમણ પાઠકની પ્રકૃતિને કારણે ઝાઝાં સુખ-શાંતિ આપનાર ન નીવડ્યું.

બેઉ જણ સાવ નફિકરું ને મુક્ત જીવન જીવનારા, જવાબદારીની જંજાળથી ભાગનારાં અને છુટા હાથે ખર્ચ કરનારાં, તેમજ તબિયતથી પણ વારંવાર નાદુરસ્ત રહેનારાં. આ બન્નેના સ્વભાવમાં પણ આભ-જમીનનું અંતર હતું. એક તદન બૌદ્ધિક અને બીજું નર્યું લાગણીશીલ. આમ સામસામા છેડાના વ્યક્તિત્વ અને કેટલીક સમાન મર્યાદાઓ સાથેના જીવને પણ સરોજ પાઠકના સર્જનને ખાસ્સું એવું પ્રભાવિત કર્યું - રમણ પાઠક નોંધે છે : "વહેવાર મુદ્દલે ન આવડે ને વળી સ્વભાવ ઉડાઉ. ત્યાં ઐસા કો મળ્યા તૈસા જેવો ઘાટ થયો. સરોજ આ બધી જ બાબતે મારાથી ચાર આંગળ ચઢે, સાવેસાવ અવ્યવહારુ, લાપરવાહ, ખર્ચાળ, ધૂની, ઘરસંસારની લગીરેય આવડત વિનાની.'[૫]

'અમારી બન્નેની તબિયત સાવ ભંગાર, આવડત-હોશિયારીને નામેય મીંડુ. પૈસો મળે નહીં, આવક કરતાં ખર્ચ વધારે એવું ઉડાઉપણું, દર મહિને ઉછીના–પાછીના ને ઉધાર વડે અમારું ગાડું ગબડે ત્યાં વળી સરોજ સગર્ભા.'[૬]

'હું આજન્મ રેશનાલિસ્ટ, તબિયત અને પૈસા ન હોય, કશી આવડતેય ન હોય. તન-મન-ધન બધાથી રાંક હોય એવા માણસે લગ્નના અભરખા ન કરવા. એથી લગ્ન ભલે પણ સંતાન તો નહીં જ તેવી શરત કરેલી, પરંતુ ત્યારે દેશમાં ગર્ભપાત પ્રતિબંધક ધારો એટલે બાળકી તો અનિચ્છાએ આવવા દેવી જ રહી... અને ઉત્તરાવસ્થામાં સરોજબ્હેનનુંયે મોટામાં

મોટું સુખ, ગૌરવ અને આશ્વાસન એ જ શર્વરી બની રહી.'[9]

સરોજ પાઠકના આ લગ્નજીવન અને માતૃત્ત્વને પણ તેમના સર્જન પર ઊંડી છાપ મૂકી. કુંવારા હતા ત્યારે ગરીબાઈના નર્કે જીવનને ઘેરી ઉદાસી આપી અને એનું પરિણામ આ બધાથી મુક્ત થવાની મથામણરૂપે રમણ પાઠક સાથેનું લગ્નજીવન આવ્યું. પણ લગ્નજીવનમાં અણકલ્પેલી સમસ્યાને કારણે જુદા પ્રકારનો તણાવ સરોજ પાઠકને ભોગવવાનો આવ્યો. જીવનમાં વિવિધ અવસ્થાએ નવો આકાર ધારણ કરતું જીવને સરોજ પાઠકના સ્વભાવ અને સર્જનને ઘડનારું મહત્ત્વનું પરિબળ બન્યું. પત્ની અને સંતાનની પરિસ્થિતિ પોતાની ગેરહાજરીમાં કષ્ટદાયક ન બને તે માટે રમણ પાઠકે સરોજને સુરત ભણવા મોકલ્યાં અને ત્યાં સરોજ પાઠક એમ.એ. કરી પ્રાધ્યાપિકા બન્યાં. જીવનનાં આ વળાંકે તેમને જેનાથી સદાય વંચિત રહ્યા હતાં તે આર્થિક સલામતી, નિર્ભરતા અને શાંતિ આપી. એ સમયમાં રમણ પાઠકે સંખ્યાબંધ કવિતાઓ લખ્યા બાદ બાદ ટૂંકી વાર્તા પર સફળ કલમ અજમાવી ત્યારે શાંતિ, સલામતી અને સધ્ધરતાને કારણે સ્ફૂર્તિ અનુભવતું સરોજ પાઠકનું માનસ પણ આ જોઈ ટૂંકીવાર્તા લખવા પ્રેરાયું. સદાયની કષ્ટકારી સંવેદનાઓ અને એમાંથી રસાઈને આવતું વસ્તુ પ્રતીતિકર રીતે નિરૂપી શકવાની પ્રતિભા, ભણતર/નોકરીને કારણે સલામતીમાંથી જન્મેલા પ્રેરણા અને ઉત્સાહ ભળ્યાં અને એના પરિપાકરૂપે 'નહીં અંધારુ નહીં અજવાળું' જેવી પ્રથમ વાર્તા ૧૯૫૬માં 'જીવન માધુરી' સામયિકમાં છપાઈ. ૧૯૫૭માં પ્રયોગશીલ વાર્તા તરીકે નોંધપાત્ર બનેલી 'સારિકા પંજરસ્થા' જેવી ઉત્તમ વાર્તા આધુનિક ગુજરાતી સાહિત્યને સાંપડી. આ વાર્તા ઉલ્લેખનીય રહી છે.

વિદ્યાર્થીજીવનના કડવા (મોટે ભાગે) અને મધુર અનુભવો, ત્યારબાદ સમસ્યાઓથી ભરેલું દામ્પત્યજીવન, અને તેની તકલીફો જીવતાં જીરવતાં કવિતા અને અંગત ડાયરી લખવાની આદતે મહાવરો પામેલી કલમે દિલ્હીની વેરવિખેર ગૃહસ્થી દરમ્યાન ૧૯૫૬-૫૭માં પ્રગટ થયેલી આ બે વાર્તાઓએ સાહિત્યરસિકોનું અને વિવેચકોનું સરોજ પાઠકની સર્જક શક્તિ તરફ ધ્યાન ખેચ્યું. 'સારિકા- પંજરસ્થા' સંવેદનાત્મક સ્તરે અમાપ ભાવાવેગ અને પ્રયોગાત્મક ભૂમિકાએ તાજગીપૂર્ણ

પ્રતીતિકર પ્રતીકયોજના વડે એ સમયથી આજ સુધી આસ્વાદ્ય અને ઉલ્લેખનીય બની રહી છે. આ વાર્તામાં થયેલો Point of View (કથન કેન્દ્ર) અને શૈલીનો પ્રયોગ વાર્તાને અનુરૂપ ટેકનીક બનીને આવે છે.

સરોજ પાઠકનાં સર્જનો મનોજગતમાં થતા બાહ્ય જગતના અનુભવો અને એની અસર વડે જન્મતાં તીવ્ર ભાવસંવેદનોમાંથી રસાઈને આવે છે. પ્રયુક્તિ સિદ્ધ કરવાની કે માધ્યમની શક્યતાઓ તાગવાની અથવા તો એમ કરી પોતાની વાકચાતુર્ય ભરી કૃતિ ભાવક સમક્ષ મૂકવાનો મોહ તેમના સર્જનોનો હેતુ નથી. અને તેથી જ તેમના સર્જનો ભાષાકીય પ્રયુક્તિની તમામ શક્યતા સિદ્ધ કરતાં હોવાં છતાં ક્યાંય કૃતકતા કે શિથિલતા વર્તાતી નથી. પોતાની ભીતર અનુભવતાનું જીવાતું અને એટલી જ નૈસર્ગિક રીતે અભિવ્યક્ત થતું ભાવજગત જીવનની વાસ્તવિકતા યથાવત મૂકી આપતું નથી. તેમના સર્જન તે પ્રયુક્તિના રૂપ વડે પોતે જીવેલી અને જીરવેલી સમગ્ર જીવનની કઠોર-નઠોર વાસ્તવિકતાનું કલાકૃતિના પ્રતીતિકર સત્યમાં કરેલું રૂપાંતરણ છે. આ રૂપાંતરણમાં સર્જકને અપેક્ષિત કલાકૃતિગત તાટસ્થ્ય સ્ત્રીના ચિત્તમાં અનુભૂત થતી સંવેદનાઓની અભિવ્યક્તિમાં સરોજ પાઠક સંતુલન જાળવી શક્યા છે. અને આ સંતુલન આયાસી નહીં પણ સહજ સાધ્ય લાગે તેવું છે તેથી જ એ સમયથી આજ સુધી આધુનિક વાર્તાકલાના અભ્યાસ માટે આદર્શ નમૂનારૂપ વાર્તા અને નવલકથા સરોજ પાઠકનાં સર્જનમાંથી તારવી શકાશે.

સરોજ પાઠકની ૧૯૫૬માં પ્રગટ થયેલી પ્રથમવાર્તા 'નહીં અંધારુ નહીં અજવાળું' તથા ૧૯૫૭ માં પ્રગટ થયેલી બીજી વાર્તા 'સારિકા પિંજરસ્થા' જેવી આધુનિક રીતિની ઉત્તમ વાર્તા તરીકેનું સ્થાન અને માન મેળવતી વાર્તાઓ બાદ ઉત્તરોત્તર આવતી જતી વાર્તાઓમાં સરોજ પાઠકની પ્રબળ સંવિત્તિ અને સમન્વયના કારણે આધુનિક ટૂંકી વાર્તાકલાના નવોન્મેષો સિધ્ધ થતા જોવા મળ્યા. પીડાનું વાહક બનીને આવતી આ વાર્તાઓમાં બાહ્ય ઘટનાઓ અને એની સામેની પાત્રો દ્વારા થતી પ્રતિક્રિયાઓમાં અભિવ્યક્તિ પામતું પાત્રોનું આંતરવિશ્વ - અને એ બે વચ્ચે ઘડાતું કથાશિલ્પ કળાકીય સૌંદર્ય સિદ્ધ કરે છે. વાર્તાનું હાર્દ એમાં જળવાય છે

અને તેથી સચોટતા સ્પર્શક્ષમતા અને કરૂણની ચરમ સીમાઓ પહોંચતી વ્યંજના જન્મે છે.

સરોજ ઉદ્દેશી પોતાની અંગત ડાયરીમાં નોંધે છે : 'એક બાજુ બાપુનો કડપ, બીજી તરફ દાદામાની ધાર્મિકતા, ભૂલેશ્વરનો હવેલીવાદ, માધવબાગનાં મંદિરો. માળામાં ડોશીવૃંદમાં ભાગવતકથા વાંચવા મારી દાદીમા અચૂક લઈ જાય. નિશાળમાં ભાંડરડા સારું ભણે, આખા માળામાં અમારું કુટુંબ 'આદર્શ' ગણાતું હાયરે 'આદર્શ'! ધર્મ, શિસ્ત અને બાપુ-દાદીની નિયમાવલીઓ...' બાળપણના આ જ આદર્શોની નિયમાવલીઓની ગૂંગળામણમાંથી નિપજેલો આક્રોશ તે 'સારિકા પંજરાસ્થા'ની સારિકાનો તરફડાટ છે.

અતિસંવેદનશીલ સરોજ ઉદેશીનું જીવન અને તેનાં અંશો સહજ રીતે સર્જક સરોજ પાઠકની કૃતિમાં રૂપાંતરિત થાય છે. તેમની કૃતિમાં યોજાયેલી શૈલીની પરિપક્વતા અને સર્જનની મૌલિકતા કૃતિને નિતાંત આસ્વાદ્ય બનાવે છે. વ્યક્તિ તરીકે જીવાયેલા કે જીવાતા જીવનની વેદના કોઈપણ પ્રકારની છોછ કે ઢાંક પિછોડા વિના સર્જક દ્વારા થતા આલેખનમાં આવે છે. ક્યાંય કૃતક પ્રયાસો જણાતા નથી. વાર્તા લખવી છે માટે નહીં પણ સંવેદનો સાથેનાં સંઘર્ષો અને સંઘર્ષોમાંય ટકવાની, જીવવાની મથામણોમાંથી જ વાર્તા કૃતિનો આકાર ઘડાતો આવે છે. આ જ રીતે પ્રયુક્તિઓના પેંતરા રચવાની છેતરામણી, આયાસી મથામણો વગર જ સરળ રીતે અનુભૂતિને અનુકૂળ અભિવ્યક્તિની રીતિ આપમેળે જ જડી આવે છે. આવે વખતે સમૃદ્ધ અનુભવ જેવી સમૃદ્ધ ભાષા દ્વારા સ્ત્રીની તાણ અને સંઘર્ષો સર્જકના શબ્દશર બની જાય છે. બાકી બચે છે તે કેવળ સર્વસામાન્ય અનુભવ. આમ વ્યક્તિ સરોજ ઉદેશીનો અંગત સંદર્ભ સર્જક સરોજ પાઠકના સર્જનો વડે બિનંગતની ભૂમિકાએ પહોંચે છે.

એ એમના (સર્જકના) અજંપ જીવની આંતરિક અનિવાર્યતા છે. આજ સંદર્ભે સરોજ પાઠકે પોતાની સર્જનપ્રક્રિયા વિશે કહ્યું છે : 'મારા ચિત્તમાં વાર્તા પ્રગટે છે ત્યારે વસ્તુ અને રીતિ બંને યુગપત જેવો આકાર ધારણ કરી પ્રગટવા મથે છે. આમ સરોજ પાઠકની ઘણી ખરી વાર્તાઓનું તેના વાસ્તવિક જીવનનું સત્ય છે. 'હુકમનો એક્કો' વાર્તા સંગ્રહમાંની એ જ શીર્ષક

વાળી વાર્તામાંની નાયિકાઓ રૂપા અને નૃપાની કથા એ સરોજ પાઠકની પોતાની જીવનકથા છે.' સરોજ પાઠકે એ વિશે નોંધ્યું છે : 'એ જ માળામાં અમારી ચોથી પેઢી આવી ત્યારે અમે રહેતા હતાં એ ખખડધજ જર્જરિત મકાનને મ્યુનિસિપાલટીએ તોડી પાડવાની નોટિસ આપી તેથી સર્વત્ર કાગારોળ મચી ગઈ. આવા માળાના પરિવેશવાળી આ 'હુકમનો એક્કો' વાર્તા મેં પસંદ કરી.'૮

'હુકમનો એક્કો' વાર્તાસંગ્રહમાંની આ વાર્તાની નાયિકાઓ રૂપા અને નૃપાની કથા પ્રથમ પુરૂષ એકવચનમાં ચાલે છે. રૂપા પોતાની બહેન નૃપાને કાગળો દ્વારા પોતાના મનની વાત કરતી રહે છે. જેમાં ગરીબાઈમાં જીવનસુખ વિશે વિચારવાની પોતાની પરિસ્થિતિજન્ય અશક્તિનું દુઃખ ઠાલવે છે. વળી પોતાની આ કરૂણ નિયતિએ બેંતાળીસ વર્ષ સુધી પિયરઘરમાં જ રહી, દામ્પત્યસુખ અને એના રોમાંચથી વંચિત રહ્યાની વેદનાના ઉલ્લેખ પણ એ કાગળોમા સતત કરતી રહે છે. પોતાની બહેન રૂપાની વેદનાને શબ્દો વડે જ અનુભવતી નૃપા પોતે તો પિયરઘરના દુઃખ દર્દથી ઘણે દૂર સમૃદ્ધ જીવનમાં ગોઠવાઈ છે. છતાં ઘણું છેટે પડેલું ઘર અને તેની યાતનાનો આભાસ અનુભવી શકે છે. આ વાર્તામાં નાયિકા 'હું'ની કથા ઘરની ગરીબીને કારણે ન પરણી શકેલી પોતાની બહેનના કષ્ટદાયક અને અભાવગ્રસ્ત જીવનની જ વ્યથાકથા છે જે વાર્તામાં સ્પર્શક્ષમ રીતે રજૂઆત પામી છે.

સરોજ પાઠક આ વાર્તા વિશેની સર્જક કેફિયતમાં કહે છે કે – 'આવો હતો મુંબઈના માળાનો પરિવેશ. જેમાં રૂપા પિયરઘરમાં રેલ્વેની નોકરી કરતી બેંતાળીસ વર્ષ સુધી રહી. તેમાં બનતા અનેકાનેક ઘરના બનાવો મારા બાળકમનને અને પછી કિશોર યુવા માનસપર ઘા પર ઘા કરતા હશે તેનો ખ્યાલ મોટા થયા પછી સુખી પરિવારોમાં આવ્યા પછી આવ્યો. લઘુવાર્તાની (પૂર્વભવની) નૃપા અને રૂપા એકરૂપ જ હતાં. જાણે સિક્કાની બે બાજુ.૯

'હુકમનો એક્કો' વાર્તામાં બે જ વાત મોખરે હતી. પિયરઘરમાંથી ભાગુ ભાગુ થતો જીવ આખરે રમણ પાઠક સાથે ભાગીને પરણી ગયો અને ધાર્યુંય નહોતું એવો નવો અવતાર એક

જ ભવમાં મેળવી લીધો અને પૂર્વભવ અકબંધ રહ્યો. બહેનના (વાર્તાની રૂપા) ખોળિયામાં દરવખતે ખદબદતા, સડેલા ભાગોને નસ્તર મારી જાણે ગાંઠ મૅલિગ્નન્ટ નથી એમ ચેક કરાવું છું'[૧૦]

''અમે મોટા થતાં ગયાં ત્યારે હું મારી બહેનને નાત બહાર પરણાવવા ઉશ્કેરતી, માંગા લાવતી, માણસ લાવતી. આખા કુટુંબનો ભાર તે જ ઉપાડતી. મારે તેને ભગાડવી હતી.[૧૧] આ પ્રકારે જીવનમાં દરેક તબક્કે અનુભવેલી દશાએ સરોજ પાઠકનાં સર્જનને વસ્તુ અને રીતિ બંને આવ્યાં. આર્થિક રીતે અસલામત અને સામાજિક રીતે વેરવિખેર જીવનને કારણે પ્રથમ સંતાન શર્વરીની કચવાતા મને કરેલી સ્વીકૃતિ પછી 'બીજું સંતાન તો નહીં જ' એવો દઢ નિશ્ચય કરેલો. પણ એક સંતાનથી સંતુષ્ટ અને ગૌરવપૂર્ણ જીવનમાં આ નિશ્ચય છેક સુધી કાળજે ડંખ્યા કર્યો. અને વર્ષો પછી એ ડંખ 'મૂંગા નકારનો હાહાકાર'[૧૨] માં થયો. પોતાના જ જીવનની વારતા માંડી હોય તે પ્રકારની વસ્તુમાંડણી અને રચનારીતિ છે. એક દાદીમાના મોઢે પોતાની શબ્દસ્થ દિકરીની બીજી પ્રસૂતિ દરમ્યાન પોતે ચાહીને ન આવવા દીધેલી પોતાની ગર્ભાવસ્થાનું દુઃખ અને મા-દીકરીના સંવાદોમાં એ દુઃખની તાણને વધારે ઘેરી બનતી ઉપસાવવામાં લેખિકા સફળ રહ્યાં છે. આ વાર્તા અંગે રમણ પાઠક નોંધે છે કે - પુત્રની આવશ્યકતા આમ તો અમને ક્યારેય ન્હોતી વરતાઈ પણ એક જુદી જ દષ્ટિએ આ પરિસ્થિતિની ગહન કરૂણતા સરોજે પોતાની એક હૃદયવેધક વાર્તામાં આલેખી છે. વાર્તા એમના મરણોત્તર વાર્તાસંગ્રહમાં સમાવિષ્ટ છે.'[૧૩]

સરોજ પાઠકના પ્રથમ વાર્તાસંગ્રહ 'પ્રેમ ઘટા ઝૂક આઈ'ને મુંબઈ સરકાર દ્વારા પારિતોષિક પ્રાપ્ત થયું. ત્યારબાદ ૧૯૬૧માં રમણલાલ પાઠક સાથે 'પ્રીત બંધાણી' વાર્તાસંગ્રહ આવ્યો. અને પછી તો 'મારો અસબાબ મારો રાગ' (૧૯૬૬) 'વિરાટ ટપકું' (૧૯૬૬) જેવા બે મહત્ત્વના વાર્તાસંગ્રહો પાંચ વર્ષની સર્જનયાત્રા બાદ એક જ વર્ષે પ્રકાશિત કર્યા. આમ આ ગાળા દરમ્યાન સ્વતંત્ર એવા ત્રણ અને રમણ પાઠક સાથેના બે વાર્તાસંગ્રહો દ્વારા સરોજ

પાઠકે આધુનિક ગુજરાતી સાહિત્યમાં ટૂંકીવાર્તાક્ષેત્રે મહત્ત્વનું અને નોંધપાત્ર સ્થાન મેળવી લીધું. પોતાની વાર્તામાં અભિવ્યક્તિ અને વિષયવસ્તુ બેઉમાં પોતાની વિશિષ્ટ છાપ મૂકી આપી.

આ પછી સાવ અણધારી અકલ્પ્ય રીતે જ તેમણે પોતાની કલમ વાર્તાલેખન તરફથી નવલકથાલેખન તરફ વાળી. ઈ.સ. ૧૯૬૯માં પ્રકાશિત થયેલી પ્રથમ નવલકથા 'નાઈટમેર'ને અપૂર્વ સિદ્ધ-પ્રસિદ્ધિ મળી. વાર્તાકાર તરીકે પ્રતિષ્ઠિત થયેલાં સરોજ પાઠકને આ નવલકથાએ નવલકથાકાર તરીકે મોખરાનું સ્થાન અપાવ્યું. પ્રણયત્રિકોણનું જાણીતું વિષયવસ્તુ પણ રચનારીતિ અને યોગ્ય માવજતને કારણે જુદી જ અનુભૂતિ કરાવનાર બન્યું.

'નાઈટમેર'ની નાયિકાએ જેને ચાહ્યો છે તેના જ ઘરમાં કુળવધૂ બની જવાનું છે, ફર્ક એટલો જ કે પ્રેમીના મોટાભાઈ સાથે જોડાવાનું તેના નસીબમાં મંડાયું છે. નિયતિના જીવનમાં વિધિએ રચેલી 'વર બદલો' થવાની આ એક ઘટના તેના બધા સ્વપ્નોને વેરવિખેર કરી મૂકે છે. એકજ કુટુંબમાં અકાટ્ય પીડાને હૃદયમાં ધરબી રહેંસાતા ત્રણેય પાત્રોની વેદનાનો ઓથાર તેમનાં જીવનને દુઃસ્વપ્ન સમુ બનાવે છે. આ પ્રકારના વસ્તુવાળી નવલકથા બાહ્યઘટનાઓના પ્રાચુર્ય વિના જ પાત્રોના જીવન અને એકમેક સાથેના વેદનાજનિત આક્રોશને કારણેના વર્તન વડે જ દુઃસ્વપ્નસમા જીવનને શબ્દસ્થ કરે છે. પાત્રોની એકોક્તિઓ અન્ય પાત્રો સાથેના સંવાદો, ઘર અને અંગત જીવનથી બહારના પાત્રો સાથેના વ્યવહારો, પોતાનું રોજીંદુ અંગત જીવન, આ બધું જ વસ્તુને અનુરૂપ પાત્રોના મનોજગતને ઉઘાડું કરી આપે છે. એ અર્થમાં 'નાઈટમેર' મનોવૈજ્ઞાનિક અભિગમ ધરાવતી સર્વાંગ સુંદર નવલકથા બની રહે છે. આંતરચેતના પ્રવાહ સાવ સહજ રીતે આ નવલકથામાં સિધ્ધ થતો આવે છે.

'નાઈટમેર' બાદ નવ વર્ષ પછી (૧૯૮૦) પ્રગટ થયેલી બીજી નવલકથા 'પ્રિય પૂનમ' પણ એવી જ મનોવૈજ્ઞાનિક અભિગમ વાળી ઉત્તમ કૃતિ છે.

આરંભથી અંત સુધી આત્મકથનાત્મક શૈલીમાં પ્રથમ પુ. એ. વ. નો Point of view ધરાવતી આ નવલકથા મુખ્યત્વે નબળા અને માંદલા મનની મર્યાદાઓ અને તેમાં ચાલી રહેલાં

જીવનને વેર વિખેર કરી મૂકતાં સંચલનોને તપાસવાનો ઉપક્રમ રચે છે. માણસના મનમાં ઘેરી છાપ પાડતાં તમામ સંબંધો, એ સંબંધ જગતમાં ઘટતી ઘટનાઓ, ક્રિયા, પ્રતિક્રિયાઓ અને એની સંકુલતા અથવા સાવ સહજ પ્રેમ, દ્વેષ, ઇર્ષ્યા, ભય ઘૃણા જેવી ભાવના બધું જ એક સાથે ગોરંભાયેલું પડ્યું હોય ત્યારે માણસનો આત્મસંવાદ સધાય એ સંવાદ કેટલો સાચો સ્વજન્ય, અને સ્પર્શક્ષમ હોય. આ જનાન્તિક પાત્રોના ભાવજગતમાં ચાલતી પ્રક્રિયાઓની અવિરતતાનો પડઘો છે નાયક પ્રિયકાન્ત 'પ્રિય' અને નાયિકા 'પૂનમ'ના ચિત્તની ક્રિયાઓની વિશૃંખલતાને તાદશ કરવા આ પ્રકારનું કથનકેન્દ્ર ઉચિત રીતે વિનિયોગ પામ્યું છે.

સર્જક પોતે વાર્તા માંડે એનાં કરતા પાત્રો સ્વમુખે જ જાતની વાત કરે તે વધુ પ્રતીતિકર લાગે છે. આ પાત્રમુખે થતી વાત અન્ય સાથે વાત કરવાની અનુભૂતિ કે સભાનતાથી માનસિક તાણ અને મગજમાં વણથંભ્યા ઉભરાતા વિચારોના ઘોડાપૂરમાંથી પડઘાતો જાત સાથેનો આક્રોશ છે. આ વડે જ નવલકથા વૈશિષ્ટ્ય અને સચ્ચાઈનો રણકો પ્રગટાવે છે અને સર્જકને અભિપ્રેત ભાવવિશ્વ ભાવક સામે ઉજાગર થવા સક્ષમ બને છે.

નવલકથાનો નાયક પ્રિય (પ્રિયકાન્ત) પોતે દુનિયાદારીના ડાહ્યા જ્ઞાનથી અલિપ્ત, નિર્દોષ બાળકી જેવી કન્યા પત્નીરૂપે મેળવવા અધીરો છે. જો કે જાતીય આવેગ પ્રેરિત વેશ્યાગમનને કારણે પોતે પૌરુષ ગુમાવી બેઠો હોય તેવી મનોગ્રંથિ ધરાવે છે. છતાં પત્ની તરીકે તો તેને શુદ્ધ, અક્ષત યૌવના યુવતી ખપે તેમ છે. તે નિષ્ઠા અને વફાદારીભર્યો પ્રેમ અપેક્ષે છે. આ કારણે જ સતત પોતાના ઉપકારના અહેસાસ હેઠળ જીવતી યુવતી સાથેના લગ્નની તેની યોજના અનાથાઆશ્રમની છોકરી સાથેના સહજીવનમાં પરિણામે છે. પરંતુ માનસિક વિકૃતિમાં અટવાયેલો નાયક સતત શંકા, ક્રોધ, ઇર્ષ્યા અને દ્વેષને કારણે પત્નીના સ્ત્રીત્વ કે પ્રેમને પામી કે અનુભવી શકતો નથી. બીજીબાજુ આશ્રમના બંધિયાર અને સતત લઘુતાગ્રંથિથી પીડાતા જીવન બહારની સ્વતંત્રતાનો નશો પૂનમમાં પૂરબહારે છલકાય છે. જે તેને સજાતીય સંબંધો, લગ્નેતર સંબંધો અને અનાથ આશ્રમની સહિયરના અંગત અવૈધ સંબંધોમાં સંડોવી દે છે. આમ પ્રિય અને

પૂનમનું સહજીવન અંગત રહેતું નથી. તેમાં સતત થતી અન્ય પાત્રોની સંડોવણી, દરમ્યાનગીરી જીવનને ત્રસ્તતાના પાશમાં જકડે છે. નાયિકાની ગર્ભાવસ્થાની ઘટના માટે પોતે જવાબદાર છે. તેવું નાયક સ્વીકારી શકતો નથી તો નાયિકા પોતે પણ આ બાળકના પિતાના નામ વિશે સાશંક છે, અવઢવમાં છે. સતત પ્રેમ અને નિષ્ઠા ઝંખતો, બેવફાઈનો ભોગ લઘુતાગ્રંથિથી ગ્રસ્ત અને નાગચૂડ જેવી સલામતીમાં એક અજાણ અકથ્ય વેદના સાથે ગાંડપણની અવસ્થામાં ઘર છોડતો પ્રિય ભાવકની સહાનુભૂતિનો અધિકારી બને છે. એવા સમયે પૂનમની બેપરવાઈની દશાને સંદર્ભે નાયક પ્રિયની અંગત વેદના વધુ ઘનીભૂત બને છે.

નાઈટમેર પછી સાતવર્ષે (૧૯૭૮) લખાયેલી 'નિઃશેષ' અન્ય પુરુષ સાથે સુઘડ જીવન ગોઠવનાર સ્ત્રીના સંતાનો પરણવા લાયક થાય ત્યારે મુગ્ધ કૌમાર્યાવસ્થામાં પોતાને નિતાંત સ્નેહ સમર્પનાર, પ્રેમીનાં પુનરાગમનને એટલી જ ઉત્કટતાથી આવકારનારં સ્ત્રીની અતિતીવ્ર સંવેદનશીલતા અને એમાંથી જન્મતી યાતનાથી કથા છે. પોતાને છેહ દઈ ચાલ્યા ગયેલા પ્રેમીના પુનરાગમન બાદ મૃત્યો મુખ રહીનેય એ જ પૂર્વકાળ જેવા શુદ્ધ સ્નેહથી સમર્પણ કરતી એબનૉર્મલ કક્ષાની સ્ત્રીની મનોવ્યથાને સ્પર્શક્ષમ આકાર આપવામાં લેખિકા સફળ થયાં છે.

૧૯૮૬માં પ્રગટેલી 'ઉપનાયક' પણ મનોવૈજ્ઞાનિક અભિગમવાળી નવલ છે. પ્રથમ પુરુષ એકવચનમાં નાયકના મુખે કહેવાતી વાત માત્ર પ્રણય વિફળતાની વારતા નથી પણ પ્રણયવેદના વેઠતાં ઉપનાયકના તૂટેલા ભાંગેલા ડહોળાયેલા ત્રસ્ત એવા ચિત્તતંત્રની વાત છે. આખી કૃતિ વેરવિખેર જોવા મળે છે. આ વેરવિખરેપણું એકરીતે તો નાયકના ચિત્તની દશાની જ ભાત ભાવક સામે રચે છે.

આ કથાનો નાયક પોતાના સમગ્ર જીવન દરમ્યાન પોતાની જાતને એકત્ર કરવા મથે છે ત્યારે તેટલા જ બમણા - પ્રબળ વેગથી પાછો પછડાય છે. મા જેવી માસી, પછી પત્ની અને પછી પ્રેયસી - એમ સ્ત્રીઓ દ્વારા સતત છેતરાતો નાયક આજીવન કદીયે જાતને એકત્રિત કરી શકતો નથી. ૧૯૮૭માં 'પ્રિયપૂનમ'ની જ બદલાયેલી આવૃતિ 'વન્સમોર' અને 'ટાઈમબૉમ્બ'

એમ બે નવલકથા પ્રસિદ્ધ થઈ. પ્રણયત્રિકોણનું જ વિષયવસ્તુ લઈને આવતી 'ટાઈમબૉમ્બ'માં નાયિકાની વેદના અને નાયકનો માનસિક પરિતાપ પોતાની મંદબુદ્ધિની બાળકી અને અન્ય યુવતી સાથેના અવૈધ સંબંધના અનુસંધાનમાં ઉત્તરોત્તર ઘેરા થતા રહે છે. પ્રણય ઘર, સમાજ વ્યવહાર અકસ્માતોની ઘટના અને અંતે ફરી સુખ અને સમજણથી ભરેલું દામ્પત્યજીવન - એવી વસ્તુગૂંથણી કથાની રીતે ઉચિત છે. સરોજ પાઠક પોતાની વિશિષ્ટતા મુજબ આવા વસ્તુ અને એમાની ઘટના દ્વારા વસ્તુ વિકાસ પાત્રવિન્યાસને જુદો જ ઘાટ આપી શકયા છે. છતાં આ નવલકથા 'નાઈટમેર', 'લિખિતંગ', 'નિઃશેષ' કે 'પ્રિય પૂનમ' જેવી નવલકથાઓની સાથે રાખી મૂલ્યાંકન કરતા તે નબળી પુરવાર થાય છે. ૧૯૮૮માં પ્રગટ થયેલી 'લિખિતંગ' ફ્લર્ટ સ્ત્રીના અનાથ કુમળા નિર્દોષ બાળકની કથની છે. રહસ્યોના તાણાવાણાને અંતે એક લંપટ માણસના પરિવર્તનની કથા કેન્દ્રમાં આવે છે.

આ પરિવર્તનને કારણે નાયિકાની મનોવ્યથા, એ વ્યથાને સમજવાની જીરવવાની તેની સમજણ અને શક્તિ, અન્ય પાત્રોની નરી અધમતા - બધું લેખિકાએ સ્વગત-કથન વડે સિધ્ધ કરી આપ્યું છે. આ સુખદ અંતવાળી નિતાંત આસ્વાદ્ય કૃતિમાં સરોજ પાઠકે પ્ર.પુ.એ.વ.ના કથનકેન્દ્રની પ્રયુક્તિને સર્વથા ઉચિત રીતે પ્રયોજી છે.

'નિઃશેષથી' 'લિખિતંગ' સુધી તમામ નવલકથામાં એક જ પ્રકારનું કથનકેન્દ્ર છે પણ એમાંય પાત્રોના ચિત્તની વિવિધ ગતિવિધિને સ્પર્શક્ષમ રીતે લેખિકા આલેખી શકયાં છે. તેમને જે સિધ્ધ કરવું છે તે છે માનવીય સંચલનો-સંબંધો અને તેમાંથી રસાતું આવતું પાત્રનું ભાવવિશ્વ અને આભાવવિશ્વમાં ચાલતી ક્રિયા અને પ્રતિક્રિયા અને આંતરક્રિયાઓથી ભરેલું જગત. આથી સરોજ પાઠકના સર્જનોમાં કૃતિના બંધારણના તત્ત્વો અથવા ટૅકનિક દ્વારા જ બધું સિધ્ધ થતું હોવા છતાં પ્રયુક્તિ ગૌણ બની જાય છે. બધી જ ટેકનીક કૃતિગત વિશ્વ સાથે સાયુજ્ય ધરાવતી સાહજિક થઈને આવે છે. સર્જકને મન મહત્ત્વ ભાવના હાર્દનું છે- ભાષાની પ્રયુક્તિઓની તમામ શક્યતાઓ લેખે લગાડીને આ હાર્દને અક્ષુણ્ણ રાખી શકયા છે. આ જ સરોજ પાઠકની વાર્તાકાર

મને નવલકથાકાર તરીકેની સિદ્ધિ છે.

અંગત જીવનનો, જીવન-વિચારનો, ઘટનામાં થતો વિનિયોગ કલ્પનાથી સંયોજાતી રચનાને કારણે નયો આત્મકથાશ્રિત રહ્યો નથી, કલ્પનાકથા-આશ્રિત રહ્યો છે એ સરોજ પાઠકના કથાસાહિત્યનો વિશેષ છે.

નોંધ :

૧. 'અતીતના આયનાની આરપાર', રમણલાલ પાઠક, ૧૯૯૨, પૃ. ૧૯

૨. એ જ. પૃ. ૨૦.

૩. 'સરોજ પાઠક – સંવેદના અને સર્જન', સંપાદક અશ્વિન દેસાઈ, ૧૯૮૯, પૃ. ૨૦૩

૪. 'અતીતના આયનાની આરપાર', પૃ. ૨૦

૫. એ જ. પૃ., ૨૧.

૬. એ જ. પૃ., ૨૨

૭. એ જ. પૃ., ૨૨

૮. એ જ. પૃ., ૨૨-૨૩

૯. એ જ. પૃ., ૨૦.

૧૦. 'સરોજ પાઠક સંવેદના અને સર્જન', પૃ. ૬૫

૧૧. એ જ. પૃ. ૨૦૭

૧૨. એ જ. પૃ. ૨૦૭

૧૩. એ જ. પૃ. ૨૧૦

* * *